सा विद्या या विमुक्तये

# શારદ

નવેમ્બર-૨૦૨૦ - વર્ષ ૪૦, અંક-૧





શારદામંદિર નવનિર્મિત વર્ગખંડો





શારદામંદિર નવનિર્મિત કોમ્પ્યુટર લેબ

પ્રકાશક

**શારદામંદિર**

નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

Phone : +91-79-26600242, E-mail : shardamandir1924@gmail.com, Web : www.sharadamandir.com

सा विद्या या विमुक्तये

# શારદ

નવેમ્બર-૨૦૨૦
વર્ષ ૪૦, અંક-૧

શારદામંદિર, અમદાવાદ.


## નૂતન વર્ષાભિનંદન

ઈ.સ. ૨૦૨૦ Covid-19 ની મહામારી લઈને આવી. માર્ચ મહિનાથી તેણે આખા વિશ્વને તેના ભરડામાં લીધું. આ માનવસર્જિત મહામારીએ વિશ્વભરનો કારોબાર થંભાવી દીધો. આપણે સૌ તેની જેલમાં જકડાઈ ગયા. આપણા રોજીંદા જીવન માટે હવે New Normal ની રીતભાત શીખવાની જરૂર પડી. દરેક પ્રકારની પ્રવૃત્તિઓ ઉપર કાપ મુકાયો. શાળાઓ બંધ, બાગ-બગીચા બંધ, સિનેમા-રેસ્ટોરાં બંધ, આમ હરવું ફરવું અને સામાજિક મિલન સ્થગિત થઈ ગયું. મનમાં ભય અને નિરાશાના કાળા વાદળ ઘેરાયાં.

પણ, જેમ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે, તેમઆ માનવસર્જિત મહામારીને કારણે પ્રદૂષણમાં ધરખમ ઘટાડો થયો. એને કારણે કુદરત સોળે કળાએ ખીલી ઉઠી. મેઘ મન મૂકીને વરસ્યા. ધરતીની તરસ છીપી. ચારેકોર લીલીછમ હરિયાળી ફેલાઈ. જળાશયો છલો-છલ ભરાયા. ફરી પાછો પક્ષીઓનો કલરવ સાંભળવા મળ્યો. પ્રદૂષણનાં ઘટાડાને કારણે આપણા સ્વાસ્થ્યયમાં પણ સુધારો દેખાયો. જાણે કુદરતે માનવજાતને તમાચો મારીને યાદ કરાવ્યું કે અમને જીવવા દો, તો જ તમે પણ જીવશો.

**We thought : God ! ... Is this the end ?**
**God said : No, my son! ... this is just a bend !**

હાથ જોડીને બેસી રહેવાને બદલે શારદામંદિરના મહામંત્ર **'મુશ્કેલી માતકી જય ! '** નું રટણ કરીને પ્રવૃત્તિમય રહેવાનો નિશ્ચય કર્યો. શ્રી વિજયભાઈની આગેવાની નીચે સર્વે શિક્ષકોએ ઓન-લાઈન ભણતરની ઝુંબેશ ઉપાડી લીધી. વાલીઓ અને વિદ્યાર્થીઓ સહકારથી આપણે સફળતાપૂર્વક ભણતરનું કાર્ય કર્યું. વાલીઓ તરફથી પણ એને ઘણો સારો પ્રતિસાદ સાંપડ્યો.

આ સમય દરમ્યાન શ્રી ભુપેન્દ્રભાઈ, શ્યામભાઈ, સપ્તકભાઈ, પ્રિતેશભાઈ વી.એ બાકી રહેલું નવનિર્માણનું કાર્ય ઘણી મહેનત કરીને આગળ ધપાવ્યું. મને કહેતા આનંદ થાય છે કે આપણા બધા જ વર્ગખંડો નવો સ્વાંગ રચીને હવે તૈયાર છે.

આ મહામારીએ આપણને એક અમુલ્ય અને દુર્લભ ભેટ પણ આપી છે. તે છે **'સમય'**. આવો, આપણે સહુ મળેલા સમયનો સદુપયોગ કરીએ. હામ હાર્યા વગર કૈંક નવું વાંચીએ, શીખીએ, કોઈક શોખ કેળવીએ, કોઈકને મદદરૂપ થઈએ, ખુશીઓ વહેંચીએ. ટેકનોલોજીના દ્વારેથી અવનવી માહિતી ઘેર બેઠા મેળવી શકાય છે, તો પછી રાહ કોની જોવાની ? ચાલો, આપણે સહુ પેલા ભૂતકાળના ભૂતને પાછળ મુકીને ભવિષ્ય તરફ હરણફાળ ભરીએ, ખુશ રહીએ, તંદુરસ્ત રહીએ અને સલામત રહીએ.

શારદામંદિર ટ્રસ્ટી મંડળ વતી આપ સહુને નવા વર્ષની શુભેચ્છા પાઠવું છું.

- ઉદયન શાહ

પ્રિય વાલીશ્રીઓ અને

વિદ્યાર્થી મિત્રો,

માર્ચ માસમાં બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ દેશ આખો Covid-19 મહામારીમાં સપડાયો અને આ મહામારીમાં શાળાઓ આજદિન સુધી ચાલુ ન થઈ શકી જે વાતનું ઘણું દુઃખ અનુભવીએ છીએ. આ અંક ઈલેકટ્રોનિક રૂપે આપના હાથમાં આવશે ત્યારે શાળામાં દિવાળી વેકેશન હશે. વેકેશન બાદ સરકારશ્રીના આદેશ અનુસાર આપણે આગળ વિચારીશું. ઘરમાં જ રહીશું. સુરક્ષિત રહીશું. દિવાળી સુરક્ષિત રહી મનાવીશું.

કોરોના મહામારીમાં સ્કૂલ બંધ હોવા છતાં આપણે ઓનલાઈન એજ્યુકેશન આપવાનો પૂરેપૂરો પ્રયાસ શિક્ષકમિત્રો અને શાળા દ્વારા કરવામાં આવેલો છે. જે પ્રયાસથી આપ સંતુષ્ટ હશો. બાળકનો સર્વાંગી વિકાસ એ જ મુખ્ય ઉદ્દેશ રહેલો છે. આવી પરિસ્થિતિમાં પણ સરકારી પરીક્ષાની સાથે આપણે ચાર કસોટી પૂર્ણ કરી ચૂક્યા છીએ ઉપરાંત શાળાએ સત્રાંત મૂલ્યાંકન કસોટી પૂર્ણ કસોટી કરી ચૂક્યા છીએ.

શાળામાં એન.સી.સી. નેવી જુનિયર ડીવીઝનમાં આ વર્ષથી ગર્લ્સ કેડેટની ભરતી કરવાની છૂટ મળેલ છે. જે શાળાની વિદ્યાર્થીઓ માટે આનંદના સમાચાર છે. આ વર્ષે આપણે ૧૦ ગર્લ્સ કેડેટની ભરતી કરેલ છે.

ઓનલાઈન અભ્યાસક્રમ દરમિયાન ઘણા બધા વાલી સાથે વાલી મિટીંગ કરી મળવાનું થયું. આનંદ થયો. વાલીશ્રીઓની માંગણીને ધ્યાને લઈ આપણે પ્રથમ કસોટી જેવું આયોજન કરી શક્યા. દિવાળી વેકેશનમાં પણ જેનું પુનરાવર્તન વિદ્યાર્થીઓ કરે તે ખૂબ જરૂરી છે તે તરફ વાલીશ્રીઓ પણ ધ્યાન આપે.

આજદિન સુધી શાળાઓ બંધ હોવાથી સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ ૩૦% અભ્યાસક્રમ પરીક્ષામાંથી આ વર્ષ દરમિયાન ઘટાડવામાં આવેલ છે જે ધ્યાને લઈ વાર્ષિક પરીક્ષાની તૈયારી કરવાની રહેશે. આ અંગે કંઈ નવી ગાઈડલાઈન મળશે તો જણાવવામાં આવશે અને આપણે તેને અનુસરીશું.

વર્તમાન મહામારીના સમયમાં સંચાલક મંડળ અને વાલીઓની માંગણી સંદર્ભે જે રીતે આક્ષેપબાજી ચાલુ હતી ત્યારે આપણું સંચાલક મંડળ વિદ્યાર્થીઓના હિત માટે રાત દિવસ એક કરી રહ્યું હતું. આપણી શાળામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના તન-મન-ધનથી તેમજ મેનેજમેન્ટના નિઃસ્વાર્થ અભિગમથી આ પરિસ્થિતિમાં આપણને શાળા નવા રૂપરંગમાં જોવા મળી રહેલ છે. શાળાના ઓરડા-લાઈટ-પંખા-ગ્રીન બોર્ડ, પાણીની સુવિધા તેમજ નવો કોમ્પ્યુટર રૂમ તૈયાર કરવામાં આવેલ છે. ખૂબ જ આધુનિક સગવડ સાથે શાળાનું મકાન નવા આયામ ધારણ કરી ચૂક્યું છે. નવા ટોયલેટ-ઓફિસ બનાવવામાં આવી રહ્યા છે. આપણું સંચાલક મંડળ વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ નાનામાં નાની બાબતને ગંભીરતાથી લઈ રહ્યું છે. જે તમામ મહાનુભાવોને હું શતશત નમન કરું છું. જે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની આર્થિક મદદને કારણે આ બધુ શક્ય બન્યું છે. તેમનો શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

શાળા નવા મકાનની સ્વચ્છતા અને સુઘડતા જળવાય અને બાળકોનું હિત જળવાય તેની સમગ્ર જવાબદારી વિદ્યાર્થી મિત્રો તેમજ પટાવાળા ભાઈથી માંડી આચાર્ય સુધી તમામની રહે છે જે નિષ્ઠાપૂર્વક નિભાવીશું.

- આચાર્ય
( વિજય રાવલ)

**દિવાળી વેકેશન**

શાળામાં તા. ૨૯-૧૦-૨૦૨૦ થી તા. ૧૮-૧૧-૨૦૨૦ સુધીનું રહેશે.
ત્યારબાદ સરકારશ્રીના આદેશ મુજબ શાળા ખુલશે.

# અભિનંદન

**તા.૧૧-૨-૨૦ના રોજ શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનું અભિવાદન તથા ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો.**



સંસ્થાના હોદ્દેદારો



સંસ્થાના મંત્રી-ટ્રસ્ટી શ્રી ઉદયનભાઈ શાહ



સંસ્થાના મંત્રી-ટ્રસ્ટી શ્રી ભૂપેન્દ્રભાઈ મોહોરોવાલા



સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની શ્રી દિપાલીબેન વસા



સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની શ્રી મેઘનાબેન



U-16 ક્રિકેટ ટીમ



સંસ્થાના તેજસ્વી તારલાઓ



વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓ

# શારદામંદિરનો ૯૬મો સ્થાપનાદિનની ઉજવણી

તારીખ : ૩-૧૨-૨૦૧૯ના રોજ સંસ્થાના ૯૬મા સ્થાપનાદિનની ઉજવણી નવા શારદામંદિરમાં કરવામાં આવી.



પૂજન માટે બાલરથીઓનું આગમન



બાલરથીઓનું પૂજન કરતા શ્રી મુનિરભાઈ મહેતા
(સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ ગર્વનીંગ બોડીના સભ્ય)



બાલરથીઓનું પૂજન કરતા શ્રી માલાબેન નગરશેઠ
(સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની તેમજ ગર્વનીંગ બોડીના સભ્ય)



સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને આર્કીટેકટ
શ્રી સપ્તકભાઈ પટેલ



કૂચ કરતાં વિદ્યાર્થીઓ



બાળકોને આશીર્વચન આપતા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી
તેમજ સંસ્થાના મંત્રી - ટ્રસ્ટી શ્રી ઉદયનભાઈ શાહ

# Congratulation



**Raval Dhruva Bipinbhai** of Class-3 has celebrated her birthday very differently compare to other kids. On 17th February, She planted Hibiscus and Ardusi at our School. We should get inspired by little Dhruva. This is a better way of celebrating birthday instead of wasting a lot of money in arranging birthday parties. We must plant more trees to save environment for future.

**Salunke Aditya Jaydutt** from Class-3 has got Gold Medal in “Silverzone” International English Olympaid and Silver Medal in Silverzone International Science Olympaid.

**Gujarati Mudra Jayesh** from Class-3 has got Silver Medal in Silverzone International English Olympaid.

**Tank Anuj Jayeshbhai** from Class-2 has got Gold Medal in 'Silverzone' International Maths Olympaid. He has secured the 1st rank in Class.

**Thakor Navya Arvindbhai** from Class-3 has got Gold Medal in 'Silverzone' International Science Olympaid. She has secured the 1st rank in Class.

**Trivedi Divisha Kaushal** is studying in Class1. She has started playing tennis at the age of Four. Playing tennis makes her feel fresh and energetic and it also improves her focus and concentration. She takes coaching at YV HF inside Gujarat College Campus. She recently won at internal tennis tournament as “Runners Up”.

## Kite making Competition

To discover ideas about art activities for kids, a kite making competition, was organized on January 11th 2020, at School. The students of classed 4th to 7th participated in this competition with great zeal and favor. It was a wonderful opportunity for the students to showcase their creativity. The result of this competition is given below.

| | | |
|---|---|---|
| 4-E - | Ist | Batham Aayush Kishorkumar |
| | IInd | Mistry Maahi Mihirkumar |
| | IIIrd | Pasi Shreya Ramkishan |
| | | Parmar Prashant Rajendrabhai |
| 5-E- | Ist | Prajapati Hevin Viralbhai |
| | IInd | Sanghvi Parva Viral |
| | | Shah Khushi Ankitbhai |
| | IIIrd | Rajput Vrushti Vinitkumar |
| | | Parmar Dhara Jayeshbhai |
| 6-E- | Ist | Gohel Dhruma Vinodkumar |
| | IInd | Shah Tanish Chiragbhai |
| | IIIrd | Aditya Bambuwala Nikhilbhai |

## Origami Competition

Origami is the art of Paper Folding. Origami consists of folding a single sheet of square paper into a scuplture without cutting, gluing and taping. By origami, students can develops eye hand co-ordination, sequencing skill, maths reasoning and also attention skill origami competition is really good for students. We organized origami competition on 4th January, 2020. Students created unique and exclusive shapes and structures the results are given below.

| | | |
|---|---|---|
| Ist | Std.8 (Kadam) | Zala Priyanshi Mukesh |
| | | Soni Riya Rajesh |
| IInd | Std.9 (Kadam) | Prajapati Krisha Arvind |
| | | Soni Dhyana Vishalbhai |
| IIIrd | Std.8 (Palash) | Shah Daksh Ketanbhai |
| | | Soyantar Shreyank Anand |
| IIIrd | Std.9 (Palash) | Rathod Yash Dilipbhai |
| | | Rathod James Manoharbhai |
| IIIrd- | Std.9-(Parijat) | Chunavala Harsh Kunalbhai |
| | | Vindhani Kasim Altaf |
| IIIrd - | Std.8-(Kadam) | Shah Megh Mahavirbhai |
| | Std.9 | Gupta Krish Umakant |
| IInd- | Std.9-(Amaltas) | Mehta Kavit Abhishek |
| | | Mordia Jainam Hiren |








# Celebrations & Competitions

## Elocution Competition

Elocution is the manner of speaking and also skill of delivering the clear and expressive speech. Students can improve their communication skill and also confidence with elocuation competition. We have oranized elocution competition on 20th January, 2020 for students of std. 1 to 7 standard. The result is given below.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Std.1 | | Std. 3 | | Std.5 | |
| Ist | Bharkhda Devam Pareshbhai | Ist | Salunke Aditya Jaydatt | Ist | Jadeja Rajveersinh Dharminsinh |
| IInd | Shah Jil Urvishbhai | IInd | Shah Rujul Rimplekumar | | |
| IInd | Rathod Rudrasinh Manohar | IInd | Contractor Divy Nilaybhai | | |
| IIIrd | Trivedi Divisha Kushal | IIIrd | Patel Saachi Nikeshbhai | Std.5 | |
| IIIrd | Parmar Vedanshee Jaiminbhai | | | Ist | Sanghavi Parva Viral |
| Std. 2 | | Std.4 | | | |
| Ist | Joglekar Prathmesh Yogesh | Ist | Solanki Vansh Bharatbhia | Std.5 | |
| IInd | Shah Riya Ketankumar | IInd | Chauhan Hetvi Sanjaybhai | IInd | Rajput Vrushti Vinit |
| IInd | Tank Anuj Jayeshbhai | | | | |
| IIIrd | Mehta Dhruvil Niral | | | | |
| IIIrd | Ahari Amis Motilal | | | | |

## Celebration of Sports Day

Sports Day is also a chance to enjoy a day in the sunshine, sport is important to the development of the students. the much awaited annual sports day was held on 15th February, 2020. All students participated with great zeal and excitement.

Students of classes 1 to 4 competed in events including Musical Chair, Arranging Thermocol Glass, Relay Race, Card Game, Lemon and Spoon etc.

Students of classes 5 to 12 had a also different game like Dodge Ball, Kabaddi, Race Long Jump, Kho-Kho, Short put etc. All students enjoyed a lot.

Congratulation to all winners.

## Sugam Sangeet Competition

Sugam Sangeet competition was held on 27th December, 2019 Friday, Kavitaben Shah and Pratimaben were the judges all the participants sang with enthusiasm by heart. Really we enjoyed listening their songs.

Congratulation to all winners.

## અભિનંદન

- તા. ૯-૨-૨૦૨૦ના રોજ કર્ણાવતી આર્ટ ગેલેરી, એલિસબ્રીજ ખાતે કલાશિક્ષક સંઘ ગુજરાત રાજ્ય દ્વારા યોજાયેલ તત્કાલ ચિત્ર સ્પર્ધામાં એવોર્ડ, સર્ટીફીકેટ તથા મેડલ પ્રાપ્ત કરવા બદલ ધો.૫ માં અભ્યાસ કરતા ત્રિવેદી કવન ચેતનભાઈ તથા પરમાર આયુષી ભૂપતભાઈને ખૂબ ખૂબ અભિનંદન.
- રોટરી ક્લબ ઓફ અમદાવાદ, પ્રહલાદનગર આયોજીત આંતરસ્કુલ વક્તૃત્વ સ્પર્ધામાં ચોથા નંબરે આવવા બદલ ચિ. માહી ફાલ્ગુનભાઈ વ્યાસ (ધો.૧૧-કોમર્સ) ને ખૂબ ખૂબ અભિનંદન.
- વાસણા ગ્રંથ મંદિર-દ્વિવાર્ષિક ઉત્સવ દ્વારા આયોજીત માતૃભાષા અભિયાનના ભાગરૂપે શ્રેષ્ઠ વાચક વાંચનની સ્પર્ધામાં પ્રમાણપત્ર મેળવવા બદલ ચિ. વાદન એચ. શાહ (ધો.૧૧ સાયન્સ) ને ખૂબ ખૂબ અભિનંદન.
- તા.૬-૧૧-૨૦૧૯ના રોજ ગુજરાત રાજ્ય સંગીત નાટક એકેડમી દ્વારા યોજાયેલ તાનારીરી ફેસ્ટીવલ-૨૦૧૯માં સળંગ ૩૦ મિનીટ સુધી ૨૮ અલગ અલગ તાલ વગાડવાના ગ્રુપ વર્લ્ડ રેકોર્ડમાં હેન્ડ ડ્રમ્પ વગાડી સર્ટીફીકેટ મેળવવા બદલ દવે ધ્વનિત સનીભાઈને ખૂબ ખૂબ અભિનંદન.
- તા.૨૨-૨-૨૦, શનિવારના રોજ ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ સંચાલિત બાળસાહિત્ય વિષયક ચર્ચા કાર્યક્રમમાં ગુજરાત માધ્યમ, ધો.૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ચિ. વાદન હિતેશભાઈ શાહે પોતાના મૌલિક વિચારો નિડરતાપૂર્વક રજુ કર્યા.

# વિદ્યાર્થી વિભાગ



**Shah Vraj**
**(10-A)**

## The Greatest Things

There are greatest things all around the world
All around the world there are many greatest things

My Mother is the greatest mother.
The greatest mother is My Mother (1)

My Father is the gretest Father
The greatest Father is My Father (2)

My greatest Friend is the quiteness
the quiteness is my greatest Friend (3)

My Teacher are the greatest teachers
The greatest teachers are my Teachers (4)

The greatest treasure is the knowledge
The knowledge is the greatest Treasure (5)

There are greatest thing all around the world
All around the world there are may greatest things.



**પારેખ વિવેક**
**(૧૦-અ)**

## આપણા હાથમાં ક્યાં કદી હોય છે.

આવવું કે જવું આપણા હાથમાં ક્યાં કદી હોય છે.
એ વળી જાણવું આપણા હાથમાં ક્યાં કદી હોય છે.
ખોવું કે પામવું આપણા હાથમાં ક્યાં કદી હોય છે
રાખવું - છોડવું વળી આપણા હાથમાં ક્યાંથી હોય છે.
કોઈની આંખમાં કૂદી પડજો, ડૂબતાં જો ચૂકો તો ત્યાં તરજો
એક અરજી છે મારી માનો તો ! ક્યાંક એકલા ફરજો.
હા ! સફરમાં તમે ચાલશો એ ખરુ !
તમે થાકશો પણ ખરા પણ થાકશો નહીં
તે છતાં પહોંચવું વળી આપણા હાથમાં ક્યાં કદી હોય છે.
એકલા પાટવી રાજકુંવર હશો, હશે રાજગાદી
તોય રાજા થવું આપણા હાથમાં ક્યાં કદી હોય છે.
માટી ફળદ્રુપ હોય, પાણી ભરપૂર હોય, ઋતુ અનુકૂળ હોય,
પણ બીજનું કોળવું આપણા હાથમાં વળી ક્યાં કદી હોય છે.
તમે ઉગજો, ખીલજો ગમે ત્યારે પણ, સમયસર તમે સદા ખરજો,
પણ હંમેશા ખીલેલા રહેવું વળી આપણા હાથમાં ક્યાં કદી હોય છે.
સોય, દોરો અને મોતીડાં લઈ તમે જાગતાં હોય છતાં,
વીજળીનું થવું આપણા હાથમાં ક્યાં કદી હોય છે.

# વિદ્યાર્થી વિભાગ

## Technology



**આર્ય આયુષ (૧૦-અ)**

જીંદગી એમની એમજ વહી જાય છે.
કલાકોના કલાકો મોબાઈલમાં સરી જાય છે.
નથી રહ્યો સમય બાળકો પાસે ઢીંગલા રમવાનો
હવે તો કેન્ડીક્રશમાં જ Teddy Bear રમાઈ જાય છે.
નથી પ્રયત્ન કરાતા ૧૦ ડગલા ચાલવાને પાણી લેવા જાતે
તોય ન જાણે કેમકરી Subway Sufar માં ૧૦ કિમી. દોડી જવાય છે.
નથી કરાતી વાત માતાના ખોળાની ને પિતાના પ્રેમની ક્ષણભર
હવે તો ફેસબુક પર જ LUV U MOM n DAD ના ફોટા મોકલાય છે.
શાળામાં શાણપણને ક્લાસમાં કજીયા દેખાય છે,
કારણ એટલું જ આ જે ભણતર પણ Online થતું જાય છે.
ક્યાં રહ્યો છે સમય રૂબરૂ કોઈનો સંપર્ક કરવાનો
હવે તો બસ whatsapp પર જ સંબંધ સચવાય છે.
ભૂલી ગયા આજે લોકો માનવીની ભવાઈને દીકરી વ્હાલનો દરિયો
હવે તો YouTube પર જ માણસાઈના દીવા ગવાય છે.
જીંદગી એમની એમજ વહી જાય છે.
કલાકોના કલાકો મોબાઈલમાં સરી જાય છે.

## બેદરકારીની સજા

ઝમઝમ નદીની પાસે બે મોટા રાજ્યો આવેલ હતા. જમણી બાજુનું રાજ્ય સુવર્ણનગરી અને ડાબી બાજુનુ માયાપુર. ડાબી બાજુનું રાજ્ય માયાપુરમાં કેટલાક કુરિવાજો ચાલતા હતા, જેવા કે બાળકીને દૂધ પીતી કરવી, સતીપ્રથા, બલી ચઢાવવી, કાળો જાદુ કરવો વગેરે ચલિત હતી.

સુવર્ણનગરીના રાજા કમલેશસિંહ સોલંકીને માયાપુરના આ કુરિવાજો જરાય ગમતા નહોતા. છેવટે, માયાપુરીની પ્રજા છુપી રીતે સુવર્ણનગરીના રાજાને તેમના દુ:ખ દર્દથી છુટકારો અપાવવા નમ્ર વિનંતી કરી. કમલેશસિંહ ખૂબ પરોપકારી અને દયાળુ હતો. તેમને માયાપુરીની પ્રજાની વાત સાંભળી તેમના રાજા માયાવિરને નમ્ર વિનંતી કરી કે તેઓ બધા કુરિવાજો પર પ્રતિબંધ મુકે પરંતુ માયાવિરને આ સ્વિકૃત નહોતું. તેને ગુસ્સામાં આવીને કાળાજાદુનો ઉપયોગ કરીને રાક્ષસોની સેના તૈયાર કરી. સુવર્ણનગરી પર હુમલા કરવાનો આદેશ આપ્યો. કમલેશસિંહની સેનાએ રાક્ષસની સેનાને હરાવી તો દીધી પણ તે લડાઈથી સુવર્ણનગરીને ખૂબ નુકશાન થયું. આ રીતે માયાવીરે તે નગરી પર ફરીવાર આક્રમણ કર્યુ. આ વખતે કમલેશસિંહ ક્રોધિત થઈ ગયા અને શાંત રહીને ચાલાકી વડે માયાવીરનું વધ કરવાનું વિચાર્યુ.

કમલેશસિંહે માયાવીરની સામે હાર માની અને દોસ્તીનો હાથ આગળ વધાર્યો. આમ આ બે રાજાઓ મિત્ર થયા. પરંતુ કહેવાય છે કે 'મિત્રરૂપે શત્રુ અને શત્રુરૂપે મિત્ર હોય છે'. એક દિવસ તે બંને શિકાર કરવા પોતાની નાની ટુકડીઓ સાથે લઈને ગયા. માયાવીર ખૂબ જ થાકી ગયો હતો તેથી તે ક્ષણનો લાભ ઉઠાવી કમલેશસિંહે સુઈ જવાનું કહ્યું. કમલેશસિંહે પોતાની નગરીનો નાશ કરવા અને બીજા રાજ્યની પ્રજા પર પરોપકાર કરવા માયાવીર અને તેની ટુકડીને સિંહની એક ગુફા આગળ લઈ મુકી દીધા અને સિંહે તે બધાને મારી નાખ્યા. ત્યારબાદ કમલેશસિંહ પોતાની સેના વડે માયાપુરની સેનાને નષ્ટ કરી તેને પોતાના નગર સાથે જોડી દીધું. પછી આ નવા રચિત પ્રદેશનું નામ કમલેશસિંહે દુષ્ટનાશપુરમ રાખી દીધુ.

બોધ : બેદરકારીની સજા હંમેશા મોત કે મોટી આપત્તિનું પરિણામ જ બને છે. આથી બેદરકારી છોડી સમજણા અને ક્રિયાત્મક બનીને રહેવું જોઈએ.

**- સુતરિયા આર્યન (ધો.૧૦-અ)**

# વિદ્યાર્થી વિભાગ

નમસ્તે,

મારુ નામ આત્રેયી જોશી છે. હું ધો.૧૧-કોમર્સમાં અભ્યાસ કરું છું. આજે હું કોરોનાની મહામારીમાં વિદ્યાર્થીઓની મનઃસ્થિતી અને શાળા તથા સરકારે કરેલા પ્રયત્નો અંગે વાત કરીશ. અમારી ધો.૧૦ની બોર્ડની પરીક્ષા બાદ બીજા જ દિવસે લોકડાઉન ચૂસ્તપણે અમલમાં મુકવામાં આવ્યું હતું. થોડા સમય સુધી તો અમે રમત-ગમતમાં સમય પસાર કર્યો પણ પછી અમે અભ્યાસ કરવાનું શરૂ કરી દીધું. અમે અમારી શાળાને ખૂબ જ યાદ કરતા હતાં. પરંતુ મહામારીના કારણે શાળાઓ શરૂ કરવી શકય ન હતી. ઘરેથી અભ્યાસ કરવામાં સરકારશ્રીના 'હોમલર્નિંગ કાર્યક્રમ'ના વર્ચ્યુઅલ ક્લાસીસ દ્વારા ખૂબ મદદ મળી. પછી તો શાળાએ પણ વિવિધ વીડિયો મિટીંગ એપ્સ દ્વારા બાળકોને ઓનલાઈન અભ્યાસ કરાવવાની શરુઆત કરી. આમતો 'પાકા ઘડે કાઠા ના ચડે' એવી કહેવત છે, પરંતુ આ કહેવતને પણ અમારા શિક્ષકોએ પોતાના અથાગ પરિશ્રમ વડે ખોટી ઠેરવી, વિદ્યાર્થીઓનો વધુ સમય બગડે નહિ અને તેઓ અભ્યાસ કરી શકે તે હેતુથી શિક્ષકો વિડીયો મિટીંગ એપ્સ પર ભણાવતાં શીખ્યા અને વિદ્યાર્થીઓને પણ શીખવ્યું. શાળાની જેમજ સમયપત્રક અનુસાર શિક્ષકો ઓનલાઈન તાસ લે છે. શાળામાં ન હોવા છતાં શાળાની જેમજ શિક્ષકો ભણાવે છે તેટલા જ ખંત અને ઉત્સાહથી. સરકારે યોજેલી એકમ કસોટીઓ વડે વિદ્યાર્થીઓને આત્મપરીક્ષણ કરવામાં મદદ મળી. આ ઉપરાંત અમારી શાળાએ નવો અભિગમ અપનાવીને વિદ્યાર્થીઓ તેમના વાલીઓની હાજરીમાં સ્વ-મૂલ્યાંકન કરી શકે તે હેતુથી મૂલ્યાંકન કસોટીનું પણ આયોજન કર્યું. જેના દ્વારા અમને કયા મુદ્દા પર વધુ પરિશ્રમ કરવાની આવશ્યક્તા છે તેનો ખ્યાલ આવે. શિક્ષકોએ અમારી મૂંઝવણો દૂર કરી અને સાચું માર્ગદર્શન આપ્યું. શાળાએ વિદ્યાર્થીઓની તકલીફો જાણવા માટે 'વર્ચ્યુઅલ પેરેન્ટસ મિટીંગ'નું પણ આયોજન કર્યુ હતું. જેના દ્વારા બંને પક્ષે બાળકોની સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાય. દરેક વિષયના શિક્ષકો અમને ખંત અને ઉત્સાહથી ભણાવે છે. ક્યારેક જટિલ વિષયમાં વધુ સારી રીતે સમજણ પડે તે હેતુથી લખેલા પાનાંઓની પી.ડી.એફ. મોકલીને સમજણ પૂરી પાડે છે. તેઓ દરેક બાળક ઉપર ધ્યાન આપે છે અને અનેક વખત સમજાવવાની તૈયારી પણ રાખે છે. ક્યારેક તો વધારાનો તાસ લઈને પણ કંટાળ્યા વિના પુનરાવર્તન કરાવે છે. તેઓ પોતાનું કાર્ય નિષ્ઠાથી કરે છે તથા અમને સોંપેલું ગૃહકાર્ય પણ ઓનલાઈન પી.ડી.એફ. વડે તપાસે છે અને ભૂલ જણાય તો સુધારો પણ કરે છે. આથી કહી શકાય કે શિક્ષણની જરૂરિયાતને વિદ્યાર્થીઓ માટે અનુરુપ બનાવવામાં ઓનલાઈન ક્લાસ શ્રેષ્ઠ સાબિત થયા. અસ્તુ.

---

નમસ્કાર,

મારું નામ જયની જોશી છે. હું ધો.૯-અ માં અભ્યાસ કરું છું. કોરોના મહામારી દરમિયાન વિદ્યાર્થીઓના હિતમાં સરકાર અને શિક્ષકોએ કરેલા પ્રયત્નો વિશેના મારા અનુભવો વહેંચવા ઈચ્છુ છું. માર્ચ ૨૦૨૦માં અમારી ધો.૮માં ધોરણની પરીક્ષાઓની તૈયારીઓ ચાલતી હતી, ત્યારે જ અચાનક કોરોનાની મહામારીમાં લોકડાઉનને કારણે શાળા-કોલેજો બંધ થઈ ગઈ. અમારી ધો.૮ની વાર્ષિક પરીક્ષા પણ રદ કરવામાં આવી. બે મહિના તો અમે સૌએ મજા માણી પરંતુ જૂન-૨૦૨૦થી નવું સત્ર શરૂ થતાં અભ્યાસ પણ જરૂરી બન્યો. વિદ્યાર્થીઓ ઘરે બેઠા જ ભણી શકે માટે સરકારે 'હોમલર્નિંગ' કાર્યક્રમ પણ શરૂ કર્યો. ધીરે ધીરે શિક્ષકોએ પણ વિડીયો મિટીંગ એપ્સ દ્વારા ઓનલાઈન ક્લાસિસ લેવાના શરૂ કર્યા. શરૂઆતમાં ઓનલાઈન ભણાવવું શિક્ષકોને થોડું અઘરું લાગ્યું. છતાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તે માટે શિક્ષકો ઓનલાઈન ક્લાસ લેતાં શીખ્યા અને ભણાવવાનું શરુ કર્યુ. શરૂ શરૂમાં તો લાગ્યું કે 'આ રીતે કેમનું ભણાશે ? સર કે ટીચર બોલ્યા કરશે અને આપણે ખાલી સાંભળ્યા કરવાનું ?' પણ પછી અઠવાડિયામાં તો અમે ટેવાઈ ગયા. અને વચ્ચે વચ્ચે સર કે ટીચર પ્રશ્ન પૂછે ત્યારે માઈક ઓન કરી જવાબ પણ આપતા થયા. પછી તો એમજ થઈ ગયું કે આપણે ક્લાસરુમને બદલે ઘરમાં બેઠા છીએ અને આપણી આજુબાજુ આપણા ફ્રેન્ડસ નથી દેખાતા એટલું જ ને ! બાકી ભણવામાં તો એ સ્કૂલ જેવું જ લાગે છે હં! જો કે, હશે કોઈકનો અનુભવ મારાથી જુદો ! પણ હવે મને તો આ 'ઓનલાઈન ક્લાસ'માં જ ભણવાની મજા પડે છે. હા, ક્લાસમાં વાતો અને મસ્તી સાથે ભણવાની જે મજા હતી તેને ચોક્કસ જ 'મિસ' કરીએ છીએ.

સરકાર દ્વારા દર મહિનાના અંતે કોઈ બે વિષયની એકમકસોટી લેવામાં આવે છે. પેપર ઓનલાઈન જ અપાય છે, પરંતુ વિદ્યાર્થીઓ ચોપડામાં જવાબ લખીને આપે છે. જે વિષયશિક્ષક તપાસી આપે છે. આ ઉપરાંત, શાળા દ્વારા પણ ૫૦ ગુણની એક સત્રાંત મૂલ્યાંકન કસોટીનું આયોજન થયું છે. શિક્ષકો શાળામાં વિદ્યાર્થીઓને ભણાવતાં હોય તેટલી જ ધગશ અને તેટલાં જ ઉત્સાહથી ભણાવે છે, વિદ્યાર્થીઓને કોઈ વિષયમાં સમજ ન પડે તો તેને સમજાવે છે. શિક્ષકો વિદ્યાર્થીઓના પ્રશ્નનું નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરે છે. અમુકવાર સ્વાધ્યાયના પ્રશ્ન વિદ્યાર્થીઓને સમજ ન પડે તો શિક્ષકો સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરનો વિડીયો પણ મોકલે છે. જેથી, વિદ્યાર્થી વિડીયો દ્વારા સમજી શકે. અમે અભ્યાસ કરી શકીએ માટે સરકારે તેમજ શિક્ષકોએ કરેલી મહેનત બદલ હું તેમની ખૂબ ખૂબ આભારી છું.

-જયની પરીક્ષિત જોશી (ધો.૯)

# Students' Corner

## SET YOUR GOALS

A seminar was organized in our School, which was held to inspire the Students and helped them to achieve their future goals. During seminar students were asked questions related to general knowledge. Dr. Vishnu Awasthi, an IIT Trained professional speaker delivered a motivational lecture on the topic "Set your Goals". He mentioned many examples during his lecture to achieve our goals. He also gave a chance to students to play a game which was related to Psycology. He explained many examples of famous personalities.

Who got success as they set their goals in written form. Dr. Awasthi shared his personal experience of learning from our surroundings. He explained how a ray of hope in the darkness can change our whole life and motivate us towards success. All in all the seminar encouraged us to be confident, motivated and able independent individual aiming for the betterment of the self and the society.

✸

A fresh New Year, to rediscover ourselves, A fresh New Year, to radiate our positivity,
A fresh New Year, to unleash our true potential, A fresh New Year, to cherish this limited edition.
This New Year, we truly owe so much to ourselves....
This New Year is to celebrate the new within,
This New Year is to relate self judgement & embrace self love,
This New Year is to look beautiful alongwith the scare,
This New Year is to touch someone's heart
This New Year is to risk looking like a fool for the adventure of being alive,
This New Year is to dance fearlessly on every beat of life & facing that ecstasy to the tip of the fingers
This New Year is to get up once again after a night of gried & despair
This New Year is to become not only pretty but it is to become pretty strong pretty smart & pretty kind
This New Year is to lovingly raise the child beneath
This New Year is to start again with a fresh new you !!!
Wish u all the awarenesss needed to keep exploring & accomplish your true dreams with your unlimited potential !!!

**Parents of Salunke Aditya Jaydatt (3-E)**

## Power of Eyes

Thousands of feelings and emotions Are being expressed
Through the eyes. Moral, ethics and intentions
Are often expressed By the eyes.
Power of eyes
Is much greater than words, May words broke you
Hurt you like swords Or heal you, feel you afterwards !
Every person is born with The contact of eyes, firstly.
Cuteness describes in beauty Of eyes As every kid lies
With pure heart, innocently ! Words are part of language
Don't get too obsessed. If there is no language,
Still there is eye's usage.
Often felt silence has importance
Well !
Because of the glance and stance Of eyes.
Even this poetry has no meaning if your each
definition is wrongly defining.
Anger is far more dangerous Through eyes
Than with words and action fight.
One can feel the entire person Just by contacting eyes.
No matter that person is extrovert, introvert or shy.
Behave your eyes wisely It explains a lot more than a book.

हमने दूसरोंकी नाकामयाबी
और औरों की कभी से अपनी चुनौतियों का फैसला किया.
क्या पता हम उससे भी आगे जा सकते थे
या फिर वो अंत हमारी सिर्फ शुरुआत थी.

इस ही लिये, एक ही जगह क्यों अटकना ?
क्या पता हम शुरुआत को ही अंत मानके बैठे हो.
तो फिर क्या अंत ? क्या शुरुआत ?

क्यों खुश रहेना है एक ही जगह
जहा एक की जगह कभी रहती ही नहीं.

क्योंकि शायद वो खुशी
खुशी नहीं जो कभी रहती ही नहीं.

**- Nirmit D. Shah**
**(Old Student**
**Shardamandir Modern Highschool)**

## વાલી વિભાગ

### ધો.૯ ના શિક્ષકોની કાર્ય પધ્ધતિ વિશે

પ્રતિ,

સન્માનીય શ્રી વિજયભાઈ રાવલ સાહેબ, કુશળ હશો.

સવિનય જણાવવાનું કે મારી દિકરી ચિ. હીર ધવલભાઈ દવે (ધો.૯-બ) આપની શાળામાં અભ્યાસ કરે છે. પ્રવર્તમાન કોરોના મહામારીના સમયમાં શાળાના શિક્ષકો સમયસર ઓનલાઈન શિક્ષણ આપે છે જે ખૂબ જ પ્રશંસનીય કામગીરી બજાવે છે. મહામારીની આ વિકટ પરિસ્થિતીમાં પણ શિક્ષકો શિક્ષણનું કાર્ય અવિરત કરાવે છે. તેમના આ કાર્યને બિરદાવવા યોગ્ય છે. આ સમયગાળા દરમ્યાન તેમના દ્વારા અપાતુ શિક્ષણ એ બાળકોના ભણતરને સતર્ક બનાવે છે. તેમજ વર્ગશિક્ષક સુનિતાબેન પટેલ પણ ખુબ સારુ માર્ગદર્શન આપે છે, તેનો અમને આનંદ છે. તેમજ આપ સાહેબશ્રી આપનું સચોટ માર્ગદર્શન અને શિક્ષકો સાથેનું પ્રતિનિધિત્વ સન્માનનીય છે.

શાળાની આ ઓનલાઈન ભણાવવાની પધ્ધતિના કારણે જ બધા જ બાળકો શિક્ષણ સાથે સકળાયેલા રહ્યા છે તે તમામ વાલીઓ માટે આનંદની વાત છે. બસ, આમ જ આપ દ્વારા શિક્ષણ ચાલુ રહે તેવી આશા... સહકાર બદલ આભાર...

આપનો વિશ્વાસુ

ધવલ કે. દવે (ધો.૯-બ, ચિ.હીરના પિતા)

### ઓનલાઈન શિક્ષણના અનુસંધાને

સવિનય જણાવતા આનંદ થાય છે કે આપણી શાળા દ્વારા કોવિડ-૧૯ જેવી મહામારીના સમયમાં પણ બાળકોના અભ્યાસને ધ્યાને લઈ શાળા દ્વારા બાળકોને ઓનલાઈન શિક્ષણ આપી ખૂબ જ આદર્શ ઉદાહરણ પુરુ પાડ્યુ છે. ઓન લાઈન શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને સતત કાર્યરત રાખવાનું ભગીરથ કાર્ય શાળા દ્વારા કરવામાં આવ્યું છે જે ખૂબ જ સરાહનીય છે. ઓન લાઈન વાલીઓ સાથે મિટીંગ કરી વાલીઓને પણ જાગૃત (બાળકોના અભ્યાસ પ્રત્યે) રાખવાનું કાર્ય શાળા દ્વારા કરવામાં આવેલ છે જે એક ઉદાહરણીય બાબત છે. આચાર્ય શ્રી વિજયભાઈ રાવલ સાહેબ દ્વારા આવી ગંભીર કોવિડ-૧૯ સ્થિતીમાં ઓનલાઈન વાલી મિટીંગ કરી બાળકો સાથે કેવીરીતે કામ લેવું તેની ચર્ચા કરી ખૂબ જ મહત્વની માહિતી આપવામાં આવી. અમે આપશ્રીના તથા તમામ સ્ટાફના સાહેબશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

- હિમાંશુભાઈ ઠક્કર (ધો.૧૨-કોમર્સ, વિનયમંદિર, ઠક્કર કર્ણ ના પિતા)

## Parent's Corner

### Modern School / Modern Highschool

A Big Thanks to School

The entire world is facing a completely unprecedented crisis due to the spread of the Novel Corona Virus.
Teachers and Students enter a new world of Virtual Classes and Lectures, this is an opportunity to teach Self-learning and researching habits amongst children. Particularly those who studying in Classes 11& 12th.

I would like to thanks the entire school faculty for putting in so much effort during these hard times. The school has been closed but our learning has not, all thanks to the teachers and school authorities. I remember you never lost your temper. Always patience with us. You always take the time to listen to us. Thank you for explaining things until student understand.

We, as parents are greatful to teachers for thier wonderful efforts. We are sure that school will take all the steps for timely completion of the courses.

Thank you from bottom of my heart.

- Dipal Shah (Father of Master Het Shah)

# Parent's Corner

**Modern School / Modern Highschool**

To,
The Principal & H.O.D.
Shardamandir School

Respected all the Teachers,

My master Arhan Shaikh who is studying in Shardamandir Modern Highschool in 12-E Science. I as a parent thankful to the School Management, H.O.D. and all the teachers for giving successful Online Teaching in Lockdown Period of Covid-19 pandemic. In order to continue teaching - learning practices school had taken quick solutions to the crisis and changed tactics rapidly to stay connected with the students and truly helpful in providing continuos and uninterrupted learning. While some educational institutions have struggled and some have done study only on Whats App.

I am also thankful to the School Management about Fee Relexation. It is appreciate work and helpful to all the parents.

I want to give a message to all parents, in the changed scenario, Parents have an important role to play. Parents involvement is generally a key indicator of the sucessful virtual school experience.

Once again I as a parent, thanks to the management, all teachers and H.O.D. to run successfully Online Study.

Thanks.

- Father of Arhan Shaikh

---

Respected Teachers,

We are Diggaj Shah & Khush Shah's Parents. They are studying in Std. 11th Science in Shardamandir Modern School.

અમારી શારદામંદિર સ્કુલ માટેની impression બહુ જ સારી રહી. અમે 11th Science માં આ વર્ષે જ admission લીધું છે અને આટલા વર્ષોમાં ન અનુભવેલો અનુભવ આ સ્કુલમાંથી લીધો છે. આ વખતે ૫૦ માર્કસની Exam માં સ્કુલમાંથી supplimentary આપેલ છે જે કોઈ સ્કુલમાં આપી હોય તેવું સાંભળ્યું નથી અને સ્કુલના દરેક lectures માં Studentનો સારી રીતે Study કરાવી છે અને જ્યાં doubts છે તે clear કરાવ્યા છે. બીજી મોટી વસ્તુ એ છે કે અત્યારે Corona Period માં બધી જ સ્કુલમાં exams લેવાય છે. પણ શારદામંદિરમાં નિયમ પ્રમાણે Uniform time માં એટલે કે મારું બાળક 11th Science Stream માં છે તો એમના માટે પરીક્ષાનો સમય સવારે ૮-૧૫ થી ૧૦-૧૫ છે અને ૧૦-૧૫ થી ૧૦-૩૦ સુધીમાં Answer Paper Photos લઈને Teacher ને Whatsapp દ્વારા આપવાના જેથી બધા જ Students એક જ સમયે પેપર લખે અને એક જ સમયે Submit પણ કરે. એ વસ્તુ અમને ગમી છે જેથી મનફાવે તે સમયે અથવા તો copy કરીને ન લખે. બસ આ બધા જ કારણો છે. જેથી સ્કુલ અમને discipline માં Students રહે તેવા નિયમો બનાવ્યા તે બદલ સ્કુલનો આભાર માનીએ છીએ.

---

**યુનિફોર્મ ટેસ્ટ બાબતે**


માનનીય પ્રિન્સીપાલશ્રી,

આપણી સ્કુલના ટિચર્સએ ખુબ જ સારો પ્રયાસ કર્યો છે. યુનિફોર્મ ટાઈમમાં જે એક્ઝામ લીધી છે, જેનાથી ફરીથી જાણે સ્કુલ સ્ટાર્ટ થઈ ગઈ હોય એવા અહેસાસ થયા છે. સ્ટુડન્ટ રેગ્યુલર થઈને એક્ઝામ આપવા બેસી ગયા. જાણે કેટલા મહિના પછી એનામાં ભણવાની એક નવી જાગૃતિ આવી, આ જોઈ પેરેન્ટસમાં એક નવી ઉમીદ્ આવી ગઈ કે હવેતો 12th નું આ જ મહત્વનું વર્ષ છે. આવા પ્રયાસ કરવામાં આવે તો છોકરાઓમાં એક નવી આશા સાથે જલ્દી આગળ વધી શકે છે સાથે સ્ટુડન્ટ એક્ઝામ સ્ટાર્ટ થાય એટલે કહે ‘મમ્મી ! મને સવાર સવારમાં ડિસ્ટર્બ ન કરો અને જેમ એક્ઝામ પુરી થાય કે તરત મારું પેપર ફાઈન ગયું છે...’ એવુ કેટલા ટાઈમ પછી સાંભળવા મળ્યું. અમે આ યુનિફોર્મ ટાઈમ એકઝામથી ખુબ જ ખુશ છીએ. ભલે ધીમે ધીમે પણ સ્ટુડન્ટને પોતાની કેટલી કેપીસીટી છે એનો તો ચોક્કસ ખ્યાલ આવશે. સ્ટુડન્ટ પોતે જ તેના લક્ષ્ય માટે વધારે ને વધારે પ્રયત્ન કરશે. ફરી એકવાર ટિચર્સ પર ગર્વ કરતાં આવા પ્રયાસ કરી સ્ટુડન્ટને આગળ વધારતા રહેશો. આભાર.

- Shah Prem (Parents 12th-E Science)

# ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

## શાળાના સંસ્મરણો



શ્યામ શાહ (૧૯૬૯)

મિત્રો,

જેમજેમ ઉંમર ખૂબ જ ઝડપથી વધતી જાય છે તેમતેમ શાળાના જૂના દિવસો અને જૂના મિત્રો ખૂબ જ યાદ આવે છે. સાથે સાથે એમને મળવાની અને આનંદ કરવાની લાલસા વધતી જાય છે, ત્યારે ગાલીબનો શેર જરૂર યાદ આવે છે "દોસ્તોં કે સાથ જી લેને કા મૌકા દે દે એ ખૂદા, તેરે સાથ તો મરને કે બાદ ભી જી લેંગે."

શાળામાં વિતાવેલો સમય તો મારા જીવનનો સુવર્ણકાળ હતો. હું આજે જે છું, મને જે સફળતા મળી છે અને જે આનંદભરી જિંદગી પસાર કરી રહ્યો છું તે બધાનો જશ શારદામંદિર શાળાને અને ખાસ કરીને આપણા વર્ગના તમામ ભાઈ-બહેનોને છે. આપણા વર્ગના સમૂહ જોડે વિતાવેલી હરેક પળ મને યાદ છે જે અવિસ્મરણીય છે.

આપણા વર્ગના ભાઈ-બહેનોમાં વિસમતા અને સમતાનો અદ્‌ભુત સમન્વય હતો. ખૂબ જ તોફાની હોવા છતાં શિસ્તના આગ્રહી, ખૂબ જ રમતિયાળ હોવા છતાં ભણવામાં ગંભીર અને ખૂબ જ ગુસ્સાવાળા હોવા છતાં ખૂબ જ પ્રેમાળ હતા અને તેના કારણે આપણી એકતા દાદ માગી લે તેવી હતી.

તે વખતે શાળામાં ધોરણ-૧૦ના વિદ્યાર્થી જ મહામંત્રી બનતા, પરંતુ આપણી એકતાને કારણે હું અને પારૂલ ધોરણ-૯માં મહામંત્રી બનેલા જે શાળાનો એક રેકોર્ડ હતો. બધાજ વિદ્યાર્થીઓએ મારામાં વિશ્વાસ મૂકીને ધોરણ-૧ થી ૧૧ સુધી વર્ગના કેપ્ટન તરીકે માનેલો. તેમના વિશ્વાસે મારા આત્મવિશ્વાસમાં ખૂબ જ વધારો કરેલ જે મને આખી જિંદગીમાં મદદરૂપ થયો.

શાળાની સ્થાપના ૧૯૨૪માં મુ. ચંદુભાઈ દવે, મુ.ભોગીભાઈ ઠાકર અને મુ. સવિતાબેન ત્રિવેદીએ કરેલી. ત્યારે આઝાદીની લડત ચાલુ હતી, પૂ. ગાંધીજી પણ તે વખતે શાળાની પૂણ્યભૂમીને પાવન કરી ગયેલા ત્યારે શાળામાં કેવળ શિશુમંદિર એટલે ૧ થી ૪ ધોરણ હતા.

ત્યારબાદ જે તે વખતના ટ્રસ્ટીઓ અને મુ. વજુભાઈ દવે એ ઘરે ઘરે જઈને ભંડોળ ઉઘરાવી ધોરણ-૫ થી ધોરણ-૧૧ સુધીની શાળા બનાવી જે શારદામંદિર વિનયમંદિર અથવા તો નવા શારદામંદિર તરીકે ઓળખાતી.

શાળાને આખરી ઓપ મુ. વજુભાઈએ આપ્યો. તે કેળવણી અને સંચાલન પ્રત્યેની ખૂબ જ ઉંડી સૂઝ ધરાવતા હતા. તેઓ માત્ર પુસ્તકીય જ્ઞાન નહીં પણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં માનતા અને સર્વાંગી વિકાસને લગતી પ્રવૃત્તિ ચાલુ કરેલ. જેમાં (૧) પ્રાતઃ પ્રાર્થના (૨) સ્થાપના દિવસની ઉજવણી (૩) નૃત્યનાટિકાઓ (૪) ઉનાળાના વેકેશનમાં ૩૦ દિવસનો લાંબો પ્રવાસ.

શાળાની આ પ્રવૃત્તિઓને કારણે વિદ્યાર્થીઓ નિર્ભય, નિડર, તેજસ્વી અને ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરી શકે તેવા બાહોશ અને કાબેલ બનતા અને માટે જ શારદામંદિરનો વિદ્યાર્થી બહાર અલાયદો જ પડતો.

આપણે જ્યારે આઠમા ધોરણમાં આવ્યા ત્યારે મુ. વજુભાઈએ વિદાય લીધી હતી અને સાથે સાથે મુ. ભગત સાહેબ, મુ. વિઠ્ઠલભાઈ, મુ. બાપુભાઈ, મુ. વિરબાળાબેન જેવા ધરખમ શિક્ષકોએ પણ વિદાય લીધી હતી. એના આગલા વર્ષોમાં મુ. અંબાલાલભાઈ અને મુ. જશુભાઈ વિદાય લઈ ચૂક્યા હતા. આને કારણે શારદામંદિરમાં શિક્ષકોના ક્ષેત્રે શુન્યાવકાશ સર્જાયો. જે શિક્ષકો વિદાય થયા હતા તે બધા ખૂબ જ જ્ઞાની અને શિક્ષણ પ્રત્યે ગંભીર અને ઊંડી સૂઝ ધરાવનાર હતા.

આવા કપરા સમયમાં શાળાને ધક્કો પડે તેમહતું મુ. દિનુભાઈએ શાળાનું સંચાલન સંભાળ્યું તે વખતે મુ. દેવેન્દ્રભાઈ, મુ. ગિરીશભાઈ, મુ. કાંતિભાઈ, મુ. ચંદુભાઈ જેવા કાબેલ શિક્ષકો નવા આવ્યા અને તેમની મદદથી શારદામંદિરનું ધોરણ પહેલા જે હતું તે જળવાઈ રહ્યું.

નવા દાખલ થયેલા બધા શિક્ષકો નવા જમાનાના હોવાથી માત્ર જ્ઞાન નહીં પણ ગમ્મત સાથે જ્ઞાન આપતા, જેથી દરેક વિદ્યાર્થીને ભણવામાં રસ વધતો ગયેલ.

દિનુભાઈએ આવતાની સાથે શારદામંદિરમાં ગરબા અને નિરંજનભાઈની મદદથી ક્રિકેટ ચાલુ કરાવ્યું. વિદ્યાર્થીઓનો રમત-ગમતમાં વધારે વિકાસ થાય તેને માટે તેમણે આંતરશાળા હરિફાઈમાં ખો-ખો, કબ્બડી અને દોડ જેવી રમતો તેમજ દિવાન બલ્લુભાઈ ટુર્નામેન્ટમાં ક્રિકેટની ટીમ તેમજ ગરબાની હરિફાઈમાં પણ આપણા વિદ્યાર્થીઓને ભાગ લેતા કર્યા.

ગરબામાં પહેલા જ વર્ષે આપણે ટ્રોફી પ્રાપ્ત કરી. ગરબાની ટીમમાં ૭૦ ટકા બહેનો આપણા વર્ગની જ હતી. દોડ અને કબ્બડીમાં પણ આપણે પદકો જીત્યા, તેમાં પણ મોટાભાગના વિદ્યાર્થી આપણા વર્ગના જ હતા.

ક્રિકેટમાં જે વખતે દિવાન બલ્લુભાઈ, ન્યુ હાઈસ્કૂલ અને વિદ્યાનગરનો ખૂબ દબદબો હતો. આપણી ટીમ પહેલે

# ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

વર્ષે પહેલા રાઉન્ડમાં, બીજે વર્ષે સેમીફાઈનલમાં અને ત્રીજે વર્ષે ફાઈનલમાં પ્રવેશી, રનર્સઅપનો કપ જીતી, ક્રિકેટમાં પણ શારદામંદિરનો ડંકો વાગતો કરેલો. ફાઈનલ માટે ટીમમાં આપણા વર્ગના ૬ વિદ્યાર્થી હતા.

આમ આપણા વર્ગના વિદ્યાર્થી ભાઈ-બહેનોને કારણે અમદાવાદમાં શારદામંદિરનો દબદબો વધ્યો અને રમત-ગમત અને ગરબા ક્ષેત્રે શારદામંદિરનું નામ ગુંજતું થયું. આ ગાળા દરમ્યાન રાજન શાહ અને રોનક શોધને ટેબલ ટેનીસમાં સિદ્ધિઓ હાંસલ કરી શાળાનું નામ રોશન કર્યુ.

એ જમાનામાં ગુજરાતી માધ્યમની શાળામાં અંગ્રેજી વિષય ધોરણ આઠથી ભણાવાતું. અલંકારના ઘરના માહોલને કારણે તેને પાંચમાં ધોરણમાં અંગ્રેજી બારાખડીને શબ્દો વાંચતા આવડી ગયેલા, પરંતુ ઉચ્ચારમાં ફાવટ ન હતી. માલગાડીના દરેક ડબા ઉપર RETURN લખેલું હોય છે. જ્યારે તે પસાર થતી ત્યારે અમે બધા લાઈનમાં ઊભા રહીને ‘રેટૂરન, રેટૂરન’ બોલતા અને અંગ્રેજી આવડી ગયાનો આનંદ માણતા.

આવા અનેક હાસ્યાસ્પદ કિસ્સાઓ છે, જેનું વર્ણન કરતાં એક પુસ્તકનું નિર્માણ થાય.

એક કલાક વહેલા શાળા શરૂ થતાં પહેલા આવવું, આંબલીના ઝાડ ઉપરથી કાતરા અને કાચિંડા પકડવા, ઈટિયોરે પિટ્યો, કબ્બડી અને ઈત્તીકીત્તી જેવી રમતો રમવી, પ્રાર્થનામાં મેલાઘેલાં કપડે, ફાટી ગયેલા શર્ટના ખિસ્સા અને તૂટી ગયેલા શર્ટના બટન સાથે બેસવું, આ એક દૈનિક ક્રિયા બની ગયેલી.

આટ આટલી ધમાલ કર્યા પછી પણ પિયૂષ અને રોનકે I.I.T. જેવી સંસ્થામાંથી, અલંકાર અને પ્રફુલે I.I.A.M. માંથી, જ્યારે પારૂલ, કલ્પના અને ભાવનાએ આર્કિટેક જેવી હિન્દુસ્તાનની પ્રચલીત સંસ્થાઓમાંથી પદવી ધારણ કરેલી, જે ખૂબ જ ધન્યવાદને પાત્ર છે.


માર્ચ-૬૯ થી આપણો માળો વિખેરાઈ ગયો. પરંતુ છેલ્લા ૧૦ વર્ષથી પિયૂષ અને પન્ના તેને ગુંથવા અથાગ પ્રયત્ન કરી રહ્યા હતાં. પાછળથી પારૂલ જોડાતાં આખરે આપણે ૫૦ વર્ષના અંતે મળી રહ્યા છીએ. પન્ના, પારૂલ અને પિયૂષને તેમના આ પ્રયત્ન માટે ખૂબ ખૂબ ધન્યવાદ.

શારદામંદિરના તમામ ગુરૂજનો જેમણે મારા ઘડતરમાં ખૂબ જ ફાળો આપ્યો છે, તેમજ આપણા વર્ગના તમામ ભાઈ-બહેનોનો હું હાથ જોડી ખૂબ ખૂબ આભાર માનું છું.

એ દિવસો અને એ પ્રસંગો યાદ આવતા હ્રદય ભારે થવા માંડેલ છે અને આંખ ભરાવા માંડી છે, ખેર ઈશ્વર જે ગુરૂજનો હયાત નથી તેમના આત્માને શાંતિ આપે, જે ગુરૂજનો છે તેમને સ્વસ્થ આયુષ્ય આપે અને આપણા વર્ગના તમામ ભાઈ બહેનોને સુખ, સંપન્ન અને સ્વસ્થતા આપે તેવી પ્રાર્થના.

તમે બધા ખૂબ જ સ્વસ્થ રહો અને મસ્ત રહો તે પ્રાર્થના સાથે.

## મીઠી યાદો



પિયૂષ શાહ(૧૯૬૯)

શિશુ અવસ્થા, બાળપણ અને કિશોરાવસ્થાના ઉંબરે...

આ બધી અવસ્થામાંથી પસાર થયા. ૧૯૫૮થી ૧૯૬૯- શારદામંદિર શિશુમંદિરથી શારદામંદિર વિનયમંદિર. એ ૧૦-૧૨ વર્ષોની સફર એટલે ભોળપણ, નિખાલસતા અને માત્ર મિત્રતાના સંબંધોની ભરપૂર યાદગીરી...

થોડી મીઠી યાદો....

અમારું સંયુક્ત કુટુંબ શાહીબાગમાં સ્થાયી હતું. સ્કૂલથી વીસ કિલોમીટર દૂર અને અમારા ઘરેથી ૯-૧૦ બાળકો શારદામંદિરમાં ભણતાં. એક મોટી ગાડીમાં બધા ખીચોખીચ ભરાઈને આવતાં, પાછળ ડીકીમાં બેગો મુકતાં. ઝાંપા પાસે ડીકી ખોલવાની શરમઆવે એટલે ગાડી થોડી આગળ લઈને ઊભી રાખવાની. અચૂક મોડા પડીએ, પ્રાર્થના ચાલુ થઈ ગઈ હોય. રેલ્વે ફાટક બંધ હોવાનું બહાનું કાઢીએ પણ કાંઈ દાળ ન ગળે. મિત્રો કહે.... આ શાહીબાગની ટ્રક-બસ આવી. સ્કૂલ પછી અમારા ભાઈ-બહેનોના કાર્યક્રમ, ટ્યૂશન અલગ-અલગ હોય, પણ ગાડી એક જ હોવાથી ફરતાં ફરતાં અંધારાના સમયે પાછા શાહીબાગ પહોંચીએ, પણ કોઈ ફરિયાદ નહીં.

દૂર રહેવાથી પ્રાત:પ્રાર્થનાથી વંચિત રહ્યા, પણ બીજી બધી રમતો ખૂબ રમ્યા. શિશુમંદિરમાં ગીલીદંડા, ભમરડાં અને લખોટી. મોટી સ્કૂલમાં ક્રિકેટ, કબડ્ડી, ખો-ખો, બેડમિન્ટન જેવી રમતો. રીસેસ પડવાની જ રાહ જોઈએ. નાસ્તો કરવા કરતાં વધારે ઉતાવળ હતી રમતો રમવાની.

પૂ.શ્રી દિનુભાઈ, સુરેન્દ્રભાઈ, શ્રીમતી વિરબાળાબહેન બધાં સાથે ખૂબ આત્મિયતા. મને યાદ છે, એક વખત એક ભંડાર ઓરડીનું તાળું તોડી અમારા મિત્ર શ્રી અલંકારે લોખંડના સળિયાથી શ્રી સુરેન્દ્રભાઈને તાળી આપી. એમને ઈજા થઈ, પણ ખેલદિલીથી બધા સાથે હાસ્યમાં ભાગ લીધો.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

ક્રિકેટ ટીમને શ્રી નિરંજનભાઈના નેતૃત્ત્વ નીચે ખાસ છૂટછાટ મળતી. ૧૧મા ધોરણમાં (એસએસસી વર્ષ) ક્રિકેટના માહોલમા જ મને કમળો થયો. એક મહિનાનો આરામ. પણ શ્યામ અને હરેશ જેવા ધુરંધર ખેલાડીઓએ શરૂઆતની મેચો જીતાડી અને મને ક્વાર્ટર ફાઈનલ, સેમી ફાઈનલ રમવાનો મોકો મળ્યો. બરાબર યાદ છે એ ઘડીઓ. આપણી ટીમ કાયમ ઝેવિયર્સ અથવા દિવાન બલ્લુભાઈ સામે હારી જાય. પણ મેચ રમવાની અને આજુબાજુનો સમય બધા સાથે વિતાવવાનો ખૂબ આનંદ.

ઉનાળામાં લાંબા પ્રવાસો કરતાં એક આરક્ષિત બોગીમાં ૬૦-૭૦ બાળકો, ૧૦-૧૨ બાળકો એક કમ્પાર્ટમેન્ટમાં ખાસ પાટિયા બનાવેલાં. દક્ષિણ ભારત, શ્રીલંકા, ઉત્તર ભારત બધા પ્રવાસોમાં ખૂબ આનંદ કર્યો. ફરજિયાતપણે ઘરે કાગળો લખવા અને ક્યારેક ઘરેથી ટપાલ પણ મળતી. ઉટીમાં મને પડી જવાથી ખૂબ ઈજા થઈ. મારા નાનાભાઈ ગૌરાંગ અને આપણા ધોરણની બેન નીતાની તબિયત બગડી હતી. મારા કાકા ખાસ મદુરાઈ આવીને એ બંનેને લઈ ગયા. ઘણી વખત રાતના સૂવાનું ટ્રેઈનના ડબ્બામાં જ હતું. ગરમીના કારણે પ્લેટફોર્મ પર બિસ્તરા નાખીને 'બિન્દાસ' સૂઈ જવાનો આનંદ અનેરો હતો. તેમજ જમવા માટે ઘણીવાર પ્લેટફોર્મ ઉપર જ રસોઈ થઈ અને પતરાળામાં જમીને પ્લેટફોર્મ ચોખ્ખું કરતાં. આ બધી યાદો અદ્‌ભૂત છે !

શ્રીલંકાના વીસામાં તકલીફ હતી એટલે રામેશ્વરની ધર્મશાળામાં ૩-૪ દિવસો રહેવું પડ્યું હતું, પણ ખૂબ જ આનંદ. શાળામાં ચાર ગ્રુપ કરવામાં આવ્યા હતા. મેઘદૂત, ગીતગોવિંદ, ચંદ્રમૌલી અને પદ્મપુકુર, ચારે ગ્રુપ વચ્ચે હરીફાઈ થતી. રમતગમત તથા સાંસ્કૃતિક હરીફાઈમાં બધાં જ ભાગ લેતાં અને ખૂબ આનંદ અનુભવતાં. કબડ્ડી, ખો-ખો, વોલીબોલ વગેરે રમતો અને વક્તૃત્વ, સંગીત, નિબંધ વગેરે સ્પર્ધાથી ઘડતર ઘણું થયું.

આ સંસ્મરણોથી મન પ્રફુલ્લિત થાય અને હૈયું ક્યારેક ભરાઈ આવે... ''યે કાગઝ કી કશ્તી, યે બારિશ કા પાની...'' મનમાં ગુંજે.

## ઉત્સવ ઉજવણી



તા. ૨૫-૧૨-૨૦૧૯, શુક્રવારના રોજ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પ્રાતઃ પ્રાર્થનાનો સુંદર કાર્યક્રમ સવારે ૬-૩૦ કલાકે શાળામાં કર્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં. કાર્યક્રમનું સુંદર આયોજન સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈશ્રી મુનિરભાઈ મહેતાએ કર્યુ હતું.

# આર્કાઈવ્ઝમાંથી









આજે શારદામંદિર વિનયમંદિર અમદાવાદનો સ્થાપના દિન

મારા પિતા દુર્ગેશ શુક્લ અને આચાર્ય વજુભાઈ દવે મિત્ર. મેં આ નિશાળમાં એકડો ઘૂંટ્યો. મોન્ટેસરી શિક્ષણપ્રથાને વરેલી શાળા. એની લીલીબસને એના ડ્રાયવર કન્ડક્ટરને બાળકો માટેનો સ્નેહ...

શાળાની સમૂહ પ્રાર્થના ભાવસભર, પ્રજ્ઞાચક્ષુ સંગીત શિક્ષક મણિભાઈ દિલરુબા વગાડે.

શાળામાં ઉત્સવ તો ઉજવાય પણ પ્રજાસત્તાકદિનનું ગૌરવ, પરેડ નીકળે, ડ્રમ, ફ્લૂટ... સ્વચ્છતાદિને સહુ આંગણું વાળે.

સૂર્યગ્રહણ જોવાનો પણ કાર્યક્રમ- હાથ પર મેશ લગાડીને જોવાનું.

શાળાના રસોત્સવમાં રજુ થતા કાર્યક્રમની ગુણવત્તા પણ ઉત્તમ.

શાળા માટે મારા પિતાજીએ બે નૃત્યનાટિકા લખેલી : કબૂતરનો માળો અને જાળમાં જકડાયેલાં. એનું સંગીત હેમુ દિવેટીયાએ કરેલું. શરદ શુક્લ નૃત્ય નિર્દેશક અને સુખ્યાત રામકુમાર રાજપ્રિયે બાળકો માટે પ્રાણીઓના મ્હોરાં તૈયાર કરાવેલાં.

નાટકની વિશેષતા એનું કથાવસ્તુ. ભારત-ચીન અને ભારત-પાકિસ્તાનના સંબંધો, પંડિત નહેરુની પંચશીલની નીતિ, અમેરિકા, બ્રિટન રશિયા જેવા દેશોની ચાલ... આ બધું પંખી પ્રાણીના પાત્રોમાં... ને તે પણ ગીત સંગીત નૃત્યમાં.

કબૂતર = ભારત, કાગડા = પાકિસ્તાન, પોપટજી = પંડિત નહેરુ, રીંછ = રશિયા, ગરુડ = અમેરિકા, સિંહ = બ્રિટન, ડ્રેગન = ચીન અને ભારતની પ્રજાશક્તિ = ગજરાજ.

બાળકો માટે જ લખાયેલા અને ભજવાયેલા નાટકોનો સંદેશ આજે પણ એટલો જ પ્રસ્તુત છે. આ પ્રકારે લખાયેલા ને રજૂ થયેલા આ એક માત્ર નાટકો.

મને કબાટમાંથી "કબૂતરનો માળો" પુસ્તિકા મળી, એની વિશેષતા એ છે કે એના પ્રથમ પ્રયોગમાં ભાગ લેનાર સહુના નામ એના પાછળના પૂંઠે છે.

આ પ્રયોગ ૧૯૬૨માં ટાઉનહોલમાં ભજવાયેલો. પિતાજી વિશ્વ રાજકારણના પણ અભ્યાસુ હતાં. આ નાટિકાના પ્રયોગનું વર્ષ એ અર્થમાં મહત્વનું છે.

આ પોસ્ટ વાંચનારા શાળાના વિરષ્ઠ વિદ્યાર્થીઓ કદાચ કલાકારોને જાણતા પણ હોય અથવા ૧૯૬૨ની બેચનું મંડળ હોય તો એમને આ મળે એવું કરવા વિનંતી.

આપણા અમદાવાદ નગરમાં શિક્ષણક્ષેત્રે સ્વ. વજુભાઈનું પ્રદાન અનન્ય ગણાય.

**- લેખ : તુષાર શુક્લ (પ્રસિધ્ધ સાહિત્યકાર)**

## ઉત્સવ ઉજવણી






તા.૨૪-૧૨-૨૦૧૯, મંગળવારના રોજ બાલમંદિરના બાળકો દ્વારા ક્રિસમસની ઉજવણી કરવામાં આવી.




તા.૨૫-૧-૨૦૨૦, શનિવારના રોજ બાલમંદિરમાં ધ્વજવંદનના કાર્યક્રમની બાળકો દ્વારા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

## શ્રધ્ધાંજલિ



સંસ્થાના પ્રાથમિક વિભાગના ભૂતપૂર્વ શિક્ષીકા **બેનશ્રી લીલાબેન આર. મહેતાનું** તા. ૮-૨-૨૦૨૦ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સ્વર્ગસ્થના આત્માને પરમશાંતિ આપે તેવી પ્રાર્થના.

**પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ,**
નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૯૧-૭૯-૨૬૦૦૨૪૨, ઈમેઈલ : shardamandir1924@gmail.com, વેબસાઈટ : www.sharadamandir.com

'શારદ'નો આ અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.